નવસારી ટાઉન પોલીસ સ્ટેશન, પાર્ટ–એ, ગુના રજી.નં.૧૧૮૨૨૦૧૯૨૨૧૧ ૧૬/૨૦૨૩, **ઈ. પી. કો. કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪** મુજબના ગુનાના કામે **આરોપી જાગીરસીંહ ભોલાસીંગ ટાંક** ની જામીન અરજી લગત હુકમ.

---

**૦૧.** હાલની આ અરજી નવસારી ટાઉન પોલીસ સ્ટેશન, પાર્ટ–એ, ગુના રજી.નં.૧૧૮૨૨૦૧૯૨૨૧૧૧૬/૨૦૨૩, ઈ. પી. કો. કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાના કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ હેઠળ જામીન મુકત થવા કરેલ છે. અરજી લગત આરોપીના વિ.વકીલશ્રી તથા વિ.એ.પી. પી.શ્રીને સાંભળ્યા.

**૦૨.** આરોપી તરફે વિ.વકીલશ્રી તેમની મૌખિક દલીલમાં અરજીની વિગતો દલીલ સ્વરૂપે જણાવી વિશેષમાં જામીન મુકત થવાના મહત્વના કારણોમાં જણાવેલ છે કે, આરોપી અરજીમા જણાવેલ સરનામે તેમના પરીવાર સાથે રહેતા આવેલા છે અને મજુરી કરી ગુજરાન ચલાવતા આવેલા છે. આરોપીની સદર ગુનાના કામે શંકાના આધારે ધરપકડ કરવામા આવેલી છે. આરોપીને બીન જામીની વોરંટના કામે તા.૧૬/૬/૨૦૨૬ થી અટક કરેલ ત્યારથી આરોપી કોર્ટ કસ્ટડીમા છે. આરોપીને ખોટી રીતે અટક કરવામા આવેલ છે. આરોપી તદ્દન નિર્દોષ છે. આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. જો આરોપીને જામીન ન આપવામા આવે નો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. અરજીમા જણાવેલ સરનામે કાયમી રહેતા આવેલા છે, નાશી ભાગી જાય તેમ નથી, નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી છે. જેથી જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**૦૩.** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાનો શેરો કરી જણાવેલ છે કે, સદર કામનો આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર રહેતો ન હોય આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૦૪.** ઉપરોકત બંને પક્ષોની રજુ દલીલ તથા કેસની હકિકત ધ્યાને લેતા આ કામના આરોપી સામે ઈ.પી.કો. કલમ–૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. કલમ–૪૮૦ હેઠળ જામીન મુકત કરવાની સત્તા તે અદાલતની મનસુફીની (વિવેકાધિન) સત્તા રહેલ છે અદાલતે તેવી સત્તાનો મનસ્વીપણે નહી પરંતુ કાયદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મર્યાદામાં રહીને ઉપયોગ કરવાની છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતોના અનેક ચુકાદા ઓથી પ્રસ્થાપિત થયેલ છે કે, જામીન અંગેના નિર્ણય હેતુ મહત્વના પાસા જેવા કે, આરોપીનો ગુનામાં ભજવેલ ભાગ તથા ગુનાની ગંભીરતા, સમાજ ઉપર તેમજ ફરીયાદી, સાહેદો ઉપર થનાર અસર, આરોપીનો ભુતકાળ, આરોપીની તપાસ તેમજ ટ્રાયલ દરમ્યાન હાજરી વિગેરે મુદ્દાઓ ધ્યાને લેવાના રહે છે. હાલના ગુનાની ફરીયાદ ધ્યાને લેવામા આવે તો આ કામના આરોપી અને અન્ય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદીના બંધ ફલેટ ના ગ્રીલ દરવાજા  નકુચા તોડી ફલેટની અંદર પ્રવેશ કરી બેડરૂમમાં આવેલ કબાટ તોડી કબાટમા મુકેલ સોના ચાંદીના દાગીનાઓ તથા ચાંદીના સિકકા ઓ જેની કુલ કિ. રૂા.  આશરે ૨,૩૯,૫૦૦/– તથા રોકડા રૂા.૪૨,૦૦૦/– મળી કુલ કિ. રૂા. ૨,૮૧,૫૦૦/– ના મત્તાની ચોરી કરેલ હોવાનો આક્ષેપ છે. જે કામે આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર રહેતા ન હોય વોરંટના આધારે ધરપકડ કરેલ છે, આમ હાલના કામનું ચાર્જશીટ થઈ ગયેલ છે અને કામ ચાલુ છે, જો આરોપીને જામીન મુકત કરવામા ન આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીશન થાય તેમ છે. વધમાં જામીન મુકત થયા બાદ હવે પછી તેની ટ્રાયલ દરમ્યાન

દર મુદ્દત હાજરી સુનિશ્ચિત કરવા યોગ્ય શરતોને આધીન આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ અત્રેની અદાલતનુ માનવુ હોવાથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

**૦૧.** આથી, નવસારી ટાઉન પોલીસ સ્ટેશન, પાર્ટ–એ, ગુના રજી.નં.૧૧ ૮૨૨૦૧૯૨૨૧૧૧૬/૨૦૨૩, **ઈ.પી.કો. કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪** મુજબના ગુનાના કામે **આરોપી જાગીરસીંહ ભોલાસીંગ ટાંક** નાઓને **રૂા. ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર)** પુરાના જામીન તથા તેટલી રકમના જાત મુચરકો રજુ કર્યેથી નીચે મુજબની શરતો આધીન જામીન અરજી મંજુર કરવા હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>શરતો</u> ::–**

**૦૧.** આરોપીએ ટ્રાયલ દરમ્યાન અત્રેની કોર્ટમાં નિયમીત હાજર રહેવાનુ રહેશે.

**૦૨.** આરોપીએ તથા તેઓના જામીનદારે હાલનુ તથા કાયમી સરનામુ તેમજ મોબાઈલ નંબર સહિત આધાર પુરાવા સાથે પુરશીશથી અદાલતમાં રજુ કરવુ અને તેવુ સરનામુ અદાલતને જાણ કર્યા સિવાય બદલવુ નહી.

**૦૩.** આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

હુકમ આજરોજ તારીખ **૨૦મી માહે જુન સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીજાહેર કર્યો.

**સહી/–**

તા. ૨૦/૦૬/૨૦૨૬ **(બી. કે. શાહ)**
નવસારી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
નવસારી. જીજે–૦૧૪૭૭